# શહેરમાં યોજાઈ સાયકલ મહાયાત્રા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં મહાસાયકલ યાત્રા યોજાઈ હતી. શહેરના વિવિધ નિયત કરલા ત્રણ સ્થળો પરથી સવારે ૮ કલાકે સાયકલ યાત્રાનો પ્રારંભ થયો હતો. આ સાયકલ યાત્રામાં ૫ વર્ષના બાળકથી લઈને ૭૫ વર્ષના વડીલે પણ હોંશે



હોંશે ભાગ લીધો હતો. શહેરના માર્ગો પરથી પસાર થઈને સાયકલવીરો નવરાત્રી ગ્રાઉન્ડ સેકટર-૨૨ ખાતે ૯ કલાકે એકઠા થયા હતા. જયાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગત કાશ્મીરથી કન્યાકુમારી સુધી સાયકલ યાત્રા નીકળેલા ૨૧ સાયકલીસ્ટો આવી પહોંચ્યા હતા . જયાં તેઓને આમંત્રિત મહેમાનોના હસ્તે બુકે અને ટ્રોફી આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સાયકલીસ્ટોને શહેરના મેયરે ફલેગ બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. બાદમાં મહેમાનોના હસ્તે સાયકલ યાત્રમાં જોડાયેલા મિત્રો માટે ડ્રો યોજાયો હતો. જેમાં ૨૧ ભાગ્યશાળી વિજેતાઓને સાયકલ ઈનામ સ્વરૂપે મળી હતી.આ પ્રસંગે રાજકીય આગેવાનો, રોટેરીયન મિત્રો સહિત મોટી સંખ્યામાં સાયકલવીરો હાજર રહ્યા હતા. સવારના સમયે શહેરના માર્ગો સાયકલ સવારોથી ઉભરાતા નાગરીકોમાં તેમજ વાહનચાલકોમાં અનોખુ આકર્ષણ જમાવ્યું હતું.

ભારત સરકારના શહેરી મંત્રાલય, જમ્મુ મ્યુનિસિપલ કોર્પોરેશન અને રોટરી કલબ ડ્રીસ્ટ્રીકટ ૩૦૭૦ દ્વારા સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત કાશ્મીર થી કન્યાકુમારી સુધી નીકળેલા સાયકલ સવાર મિત્રો ગત તા.૭ નવેમ્બરના રોજ કાશ્મીરથી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત નીકળ્યા છે. આ યુવાનો રોજની ૧૫૦ કિલોમીટર સાયકલ ચલાવીને વિવિધ શહેરોમાં વિરામ કરે છે. જયારે ૨૧ સાયલીસ્ટો ઉદેપુરથી ગાંધીનગર આવી પહોચ્યા હતા. આ સાયકલીસ્ટોના સન્માનમાં રોટરી કલબ દ્વારા ગાંધીનગરમાં મહાસાયકલ યાત્રા યોજાઈ હતી. જેમાં ૧૫૦૦થી વધુ સાયકલ સવાર મિત્રો જોડાયા હતા. આ મહાયાત્રાનો પ્રારંભ સવારે ૮ કલાકે ખ-૦, ક-૭, અને જ-૭ થી થયો હતો. યાત્રામાં શાળાના બાળકો, યુવાનો, યુવતિઓ, મહિલાઓ, સિનિયર



સિટીઝનો જોડાયા હતા. શહેરના માર્ગો પરથી પસાર થઈને સાયકલ યાત્રામાં સવાર મિત્રો ૯ કલાકે સેકટર-૨૨ ખાતે નવરાત્રી ગ્રાઉન્ડમાં એકઠા થયા હતા. સાયકલ યાત્રાના રૂટમાં કેટલાક બાળકોની સાયકલની ચેઈન ઉતરી જતા થોડીવાર માટે બાળકો હેરાન થયા હતા. મહેમાનોના હસ્તે દિપ-પ્રાગટય કરીને કાર્યક્રમનો પ્રારંભ કર્યો હતો. જયારે મહેમાનોએ પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું. ત્યાં ૨૧ સાયકલીસ્ટો આવી પહોંચતા તેઓનું બુકે અને ટ્રોફી એનાયત કરી સ્વાગત કરાયું હતું અને ત્યારબાદ શહેરના મેયરે ફલેગ બતાવી સાયકલીસ્ટોને વડોદરા માટે પ્રસ્થાન કરાવ્યું હતું. ત્યારબાદ ૨૧ સાયકલ માટે ડ્રો યોજાયો હતો. જેમાં ૧૦ વર્ષથી સિનિયર સિટીઝનને ઈનામ સ્વરૂપે સાયકલ મળી હતી. આ કાર્યક્રમમાં શહેરના મેયર પ્રવિણ પટેલ, ધારાસભ્ય અશોક પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગુડાના પૂર્વ ચેરમેન અશોકભાઈ ભાવસાર, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી, મ્યુ.કમિશનર, ડે.મ્યુ.કમિશનર તેમજ રોટરી કલબના પ્રમુખ એન.પી.પટેલ, ડ્રિસ્ટ્રીકટ ગર્વનર પૂર્વ રોટેરીયર આશિષ દેસાઈ, સેક્રેટરી ડો. દિપક બારોટ, પ્રોજેકટ ચેરમેન એચ.એમ.પટેલ, આસી.ગવર્નર સમીર ત્રિવેદી, કમલકિશોર જૈન, દિનેશ ઠક્કર, કો.ઓડીનેટર સાયકલ યાત્રા ભાવેશ શાહ, સહિત મોટી સંખ્યામાં રોટેરીયન મિત્રો તેમજ બહેનો સહિત નાગરીકો હાજર રહ્યા હતા.

## સાયકલયાત્રાના ભાગ્યશાળી વિજેતા

- વેદુ ડી. બારોટ
- કૌશલ ગિરીશભાઈ પટેલ
- સંજય બી. દરજી
- સિધ્ધાર્થ એ. ગોર
- શ્વેત લાલજી સોમાભાઈ
- ત્રિલોકસિંગ રાવત
- હર્ષિલ પી. પટેલ
- કરણ રાજુભાઈ નિનામા
- ડામોર લક્ષ્મી હરિશભાઈ
- અર્પિત એસ. લિમ્બાચીયા
- પલક બારોટ
- જય દિલિપભાઈ પ્રજાપતિ
- શાસ્ત્રી હર્ષ
- કિંજલ બિહોલા
- કડીયા ધર્મેશ
- સોમાભાઈ પટેલ
- કર્મજીતસિંહ વાઘેલા
- અશોકભાઈ પ્રજાપતિ
- આદિત્ય એન. સુંયચુલા
- ઠકકર કિર્તીકુમાર ભીખાભાઈ
- વિશાલ જે. ચાવડા
- સ્વામી સદાનંદ ભારતી

## ૨૧ સાયકલીસ્ટોમાં એક યુવતિ અને એક ૬૭ વર્ષના વડીલ

કાશ્મીરથી કન્યાકુમારી સુધી સ્વચ્છ ભારત મિશન અંતર્ગત નિકળેલા ૨૨ સાયકલ મિત્રોમાં ૨ પોલેન્ડના મિત્રો પણ જોડાયેલા છે તેમજ ચેન્નાઈના ૬૭ વર્ષિય સુંદર રાજન અને ચૈન્નઈની ક્રિતિકા ચિદમ્બર જોડાઈ છે જયારે સાયકલ સવારોમાંથી એક સાયકલીસ્ટ પાસે રૂ. ૪ લાખની અતિ આધુનિક સાયકલ જોવા મળી હતી. જયારે પોલેન્ડના મિત્રો સાથે સેલ્ફી પડાવવા પણ નાગરિકોએ પડાપડી કરી હતી.

## @ગાંધીનગર

- શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ સવારે ૧૦.૦૦ કલાકે ઓડીટોરીયમ હોલ, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ હોસ્પિટલ- ગાંધીનગર ખાતે યોજાશે.
- સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખની બેઠક બપોરે ૩.૩૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સે-૨૧ ગાંધીનગર ખાતે યોજાશે.
- શ્રી કષ્ટભંજન ગોદડીયા હનુમાનજી મંદિર રાંધેજા ખાતે બપોરે ૨ થી ૬ કલાક દરમિયાન ભારતીબાપુ, પ્રેમગીરી બાપુ, દિલીપદાન ગઢવી, વિનોદભાઈ સાધુ દ્વારા ભજન ભાવનો કાર્યક્રમ યોજાશે.

## રાંધેજામાં ખુલ્લેઆમ જુગાર રમતા પાંચ શકુનીઓ પકડાયા : ૧૪૨૦ના મુદ્દામાલ સાથે પાંચેયની ધરપકડ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક રાંધેજા ગામની ભાગોળે પશુ દવાખાના પાસે ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ગઈ બપોરે પેથાપુર પોલીસે દરોડો પાડી પાંચ શકુનીઓને પકડી પાડયા હતા. રાંધેજાનાં જગા પ્રતાપ ઠાકોર, મનુ કેશા રાવલ, રોહિત અંબાલાલ ઠાકોર, મહેશ કનુ ઠાકોર અને કિરીટ ધૂળા પરમાર મળી પાંચ શખ્સોની રોકડ રૂ. ૧૧૧૦ સહિત કુલ રૂ. ૧૪૨૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી પેથાપુર પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરના ચ માર્ગ પર ૭/૮ બસ સ્ટેન્ડ પાસે કાર-એકટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના માર્ગો પર બેફામ ગતિએ વાહનો હંકારતા વાહન માલિકો ગમે ત્યારે અકસ્માત સર્જે છે. ટ્રાફિક પોલીસ દ્વારા અનેકવાર ટ્રાફિક અવેરનેસના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે છતા વાહન ચાલકો નિયમોની ઐસી કી તૈસી કરી ને રોકેટ ગતિએ વાહનો હંકારતા નગરમાં નજરે પડે છે. ત્યારે શહેરના ચ માર્ગ પર સવારના સુમારે એકટીવા અને સ્વીફ્ટ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જમાં એકટીવા પર સવાર બે વ્યકિતઓને ઈજા પહોંચી હતી. અકસ્માતને પગલે મોર્નીંગવોકમાં નીકળેલા નગરજનો તાત્કાલીક મદદે આવી ગયા હતા અને ૧૦૮ બોલાવી ઘાયલોને સારવાર અર્થે હોસ્પિટલ મોકલી આપ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ શહેરના ચકાચક માર્ગો પર ટુ-વ્હીલર અને





ફોર વ્હીલર વાહન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારે છે. શહેરના રાજમાર્ગો પર ગતિ લિમીટ હોવા છતા કોઈ પણ નિયમ અનુસાર વાહન હંકારતા નથી અને પરિણામે અકસ્માત સર્જાય છે. આજે સવારના સુમારે અમદાવાદ કૃષ્ણનગરનો પરિવાર વિસનગર ખોડીયાર માતાના મંદિરે બાધા બાધા કરવા ગાડી નં- જી.જે.૨.એ.પી.-૨૦૦૮ લઈને ગાંધીનગરના ચ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન ૭-૮ ના બસ સ્ટેન્ડ પાસે એકટીવા જી.જે.૧.એમ.એન-૪૩૮૬ લઈને પસાર થઈ રહેલા ચાલક સેકટર-૮માં ચર્ચમાં જઈ રહ્યા હતા. તે દરમિયાન અચાનક પાછળથી આવી રહેલી કારે ટકકર મારતા અકસ્માત સર્જાયો હતો. આ બનાવ બનતા મોનીંગવોકમાં નીકળેલા નાગરીકો મદદે દોડી આવ્યા હતા. એકટીવા પર સવાર બે વ્યકિતઓને ઈજા પહોંચી હતી. કાર અને એકટીવાને ભારે નુકસાન પહોંચ્યુ હતું તેઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા. જમાંથી ૩૦ વર્ષિય યુવતિને વધુ સારવાર માટે અમદાવાદ ખસેડવામાં આવી હતી. જયારે બાધા કરવા વિસનગર નીકળેલો પરિવાર પણ અન્ય સ્નેહીજનોને બોલાવી અમદાવાદ બાધા કર્યા વિના પરત ફર્યો હતો.

# અમારી ટ્રેનિંગ જ આ બાળકોનો આધાર

## દિવ્યાંગ બાળકોના જીવનમાં મમતાભરી હૂંફ બની ફરજ સાથે વ્હાલ વહેંચતા વસુમતીબેન જોષી જેવા રિસોર્સ ટીચર્સ ફિક્સ પગારમાં પણ અદભૂત કાર્ય કરી રહ્યા છે




ગાંધીનગર, તા.૨૦

દર વર્ષે ૧૪મી નવેમ્બર આવે એટલે દેશભરમાં 'બાલદિન' ઉજવાય. દિવસે બાળ મજુરીની સમસ્યા અંગેના સેમિનાર્સ યોજાય. કેટલાક 'ઉજવણી કારો' તો બાળક માટે કાર્યરત સંસ્થાઓ જેવી કે એચઆઈવી પોઝિટીવ બાળકો માટેના સ્પેશિયલ ચિલ્ડ્રન્સ હોમ કે મુકબધિર અથવા પ્રજ્ઞાચક્ષુ છાત્રાલયો વગેરે સ્થળે જઈ બાળકોને મિઠાઈ ચોકલેટસ વગેરે ખવડાવે અને ફોટા પડવી બીજા દિવસે અખબારોમાં છપાવે. હવે તો સોશ્યલ મિડીયામાં આ ફોટા સજાવી વાહવાહી મેળવાય છે. પછી તો માત્ર ફોટા યાદ રહે અને પેલી સંસ્થા કે બાળકો ભુલાઈ જાય.

જરા કલ્પના કરો કે તમને આખો દિવસ એવું કામ સોંપવામાં આવે કે જેમાં તમારે વિવિધ પ્રકારના દિવ્યાંગ બાળકો સાથે જ રહેવાનું અને તમને રમાડવા-સંભાળવાથી માંડીને તમામ પ્રવૃત્તિ કરતા કરતા તેમની દિવ્યાંગતાની તકલીફ ઓછી થાય તે માટે સઘન પ્રયત્નો પણ કરવાના. વળી બધા જ બાળકો અલગ અલગ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા હોય તેજ રીતે અલગ અલગ સ્વભાવ પણ ધરાવતા હોય. કોઈ બાળક મુડમાં હોય તો તમને ભેટી વ્હાલ વરસાવે પરંતુ જો તેનો મુડ ગયો તો પછી તમને થપ્પડ પણ મારી દે, ચુંટલા પણ ખણે, નખ વગાડે કે પછી તમારા વાળ પણ ખેંચે. આ બધું તમારે હસતા મોંઢે સહન કરી બાળકના ગુસ્સાના બદલામાં માત્ર તમારે વ્હાલ જ વરસાવવાનું, તેને લાડ જ કરવાના. વળી આ બધું કરવા માટે તમને મળે માત્ર એક ફિકસ પગાર તે પણ કાયમી ધોરણે તો નહીં જ. તો તમને કેવું લાગે? સરકારના સર્વ શિક્ષ અભિયાનના આઈઈડી યુનિટમાં ગાંધીનગર તાલુકાના ૭ મળીને જિલ્લામાં કુલ ૨૨ ફિકસ પગારદાર કર્મચારીઓ કામ કરે છે. માત્ર ફરજના ભાગરૂપે કામ કરવું માત્ર એવું નહી પરંતુ એમાંથી ઘણા કર્મચારીઓ તો બાળક સાથે વ્હાલનો એવો સંબંધ જોડી બેસે છે કે જેના સહારે બાળક તેની દિવ્યાંગતાથી સક્ષમતા તરફ ગતિ કરવા લાગે છે. ગાંધીનગર શહેરમાં એવા એક રિસોર્સ શિક્ષક છે જેઓના સઘન પ્રયત્ન થકી કોઈ બાળકનું જન્મથી તાળવું ના હોવાથી સ્પષ્ટ બોલી શકવાની સમસ્યા સર્જરી થકી દૂર થાય છે તો કોઈક બાળકની માનસિક દિવ્યાંગતા ક્રમશઃ ઘટતી જાય છે. ગાંધીનગરના સેકટર-૨માં રહેતા વસુમતી જોષી એક આવા રિસોર્સ ટીચર છે જેઓ છેલ્લા સાતેક વર્ષથી સર્વ શિક્ષા અભિયાનમાં આઈઈડી વિભાગમાં રિસોર્સ ટીચરની જવાબદારી નિભાવી રહ્યા છે. પોતાની ફરજના ભાગ રૂપે તેમને દરરોજ બે શાળાની મુલાકાત લેવાની હોય છે અને આ શાળાઓના દિવ્યાંગ બાળકોને સંભાળવા ઉપરાંત બાળકની શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંત ખેલ મહાકુંભ કે અન્ય જેવી ઈત્તર પ્રવૃત્તિઓ કરાવવાની હોય છે. વળી સાથે તેમણે વાલી માર્ગદર્શન, શિક્ષક માર્ગદર્શન, બાળકોને મળવાપત્ર



સરકારી લાભો કે તબીબી પ્રમાણપત્રો, સાધન સહાય વગેરે અપાવવા સક્રીય પ્રયત્નો કરવા ઉપરાંત ઉપરી અધિકારીઓ સોંપે તે જવાબદારી પણ નિભાવવાની હોય છે. આમ છતાં તેમને બાળકો સાથે એવો નાતો બંધાયો છે કે જેના પ્રતાપે દિવ્યાંગ બાળકોની જીંદગી નવેસરથી સજી રહી છે.

વસુમતીબેને સાયકોલોજી વિષયમાં ગ્રેજયુએશન કર્યા બાદ માનસિક દિવ્યાંગ બાળકો અંગેનું ખાસ બી.એડ. કર્યુ છે. આ કર્યા પછી વર્ષ ૨૦૦૩માં તેમણે દાંતા પાસેના સનાલી ખાતેના સર્વોદય આશ્રમ ખાતે ૧ વર્ષ સુધી સેવાઓ આપી ત્યારબાદ ૫ વર્ષ સુધી તેમણે પાલનપુરની તિથી ડે કેર સ્કૂલમાં દિવ્યાંગ બાળકોને સાચવ્યા હતા. વર્ષ ૨૦૧૦થી તેઓ સર્વ શિક્ષા અભિયાનના આઈઈડી યુનિટમાં જોડાયા અને દરરોજ ગાંધીનગરની વિવિધ બે સરકારી પ્રાથમિક શાળામાં એક વર્ષના ૨૫ થી ૩૦ દિવ્યાંગ બાળકોની સંભાળ લઈ રહ્યાં છે. તેમના સભાન પ્રયત્નોથી એક બાળક જેને જન્મથી તાળવું જ નહોતું તેનું મોંધુ ઓપરેશન સરકારી ખર્ચે શકય બન્યું અને તે બાળકના જીવનમાં આશાના નવા કિરણનો સંચાર થયો છે. વસુમતીબેન સંભાળી રહેલ બાળકોમાં હાલ સે-૨૨ની સરકારી પ્રાથમિક શાળામાં ધો-૪માં અભ્યાસ કરતો જીલ પંકજભાઈ મોઢ નામનો બાળક તેની માનસિક દિવ્યાંગતાને હરાવવા તરફ ગતિ કરી રહ્યો છે. વર્ષ ૨૦૧૨થી વસુમતીબેનના વ્હાલભર્યા માર્ગદર્શનમાં રહેતો જીલ શરૂઆતથી જ ખૂબ જ એગ્રેસીવ નેચર ધરાવતો હોવાથી વાતે વાતે ચિઢાઈ જાય, થપ્પડ મારી દે, ચુંટલા ખણી લે, વાળ ખેંચી નાંખે તેવા લક્ષણો ધરાવતો હતો. તે બોલવાનો પ્રયત્ન જ નહોતો કરી શકતો અને ઉપરથી તેને ગમે ત્યારે ખેંચ આવવાની તકલીફ પણ ખરી. હાલ પણ તેના વાલી દરરોજ તેને ઓકયુપેશન થેરેપી અપાવવા લઈ જાય છે તથા તેની દવા પણ ચાલુ છે. વસુમતીબેને ૪ વર્ષથી તેને સંભાળ્યો ત્યારે તેમણે જોયું કે તેને સંગીત ખૂબ પસંદ છે અને તેને ઢોલ વગાડવાનું ખૂબ ગમે છે. ખૂબ જ હાઈપર એકિટવ હોવાને કારણે તે પાંચ મિનિટ માટે શાંતિથી બેસી શકતો નહી એટલે વસુમતીબેને તેને ગમતી પ્રવૃત્તિઓ તેને કરવા આપવા માંડી જેમ કે ઢોલ વગાડવા આપવું, ચિત્રો દેખાડવા જેમાં તેને પ્રાણીઓના ચિત્રો ગમે, ટ્રેનના ચિત્રો ગમે એટલે તે વધુ બતાડવા વગેરે શાળામાં અક્ષયપાત્ર આવે એટલે એમાંથી ચણ લઈ પંખીઓને નાંખવાનું જીલને ગમતું તો તે પણ તેની પાસે નિયમિત કરાવે, ચોક પેન આપી ટ્રેસીંગ કરાવે, બ્લોક ગોઠવવા મણકા પરોવવા વગેરે જેવી પ્રવૃત્તિ કરાવે. આ પ્રવૃત્તિના કારણે ધીમે ધીમે તે ધીરજથી બેસતો થયો છે અને બોલતો પણ થઈ રહ્યો છે.

જીલ સાથે મમતાભર્યો સંબંધ બંધાયો હોવાથી ગત માસે જયારે તેને ડેન્ગ્યુ થવાથી હોસ્પિટલમાં દાખલ કરવો પડયો એટલે તે સ્કૂલમાં આવી શકયો નહી તો તેને દવાખાનેથી રજા મળતા જ વસુમતીબેન તેના ઘરે પહોંચી ગયા તેને મળવા પોતાના શિક્ષકને જોઈ જીલ દોડીને ભેટી પડયો એટલું જ નહીં તેમના ખોળામાં બેસી ગાલ પર વ્હાલ કરવા લાગ્યો હતો. વસુમતીબેને તેના માથે હેતથી હાથ ફેરવ્યો તો ખુશખુશાલ થઈ ગયો. પોતાના સાત વર્ષના બાળક જેટલો જ પ્રેમ આ બાળકોને કરતા વસુમતીબેને તેમનો જન્મદિવસ સે-૧૨ના બીઆરસી ભવન ખાતે આવેલા દિવ્યાંગ બાળકોના રિસોર્સ રૂમ પર ઉજવ્યો હતો. અહીં પણ જીલને ખબર પડી કે તેમનો જન્મદિવસ છે એટલે સ્ટાઈલથી હાથ મિલાવી પછી જાણે કેક કાપી હોય તે અદાથી તાળીઓ પાડવા લાગ્યો જાણે હાવભાવથી હેપ્પી બર્થ ડે વીશ કરી રહ્યો ના હોય. વસુમતીબેન જેવા અનેક રિસોર્સ ટીચર્સ અત્યારે દિવ્યાંગ બાળકોના જીવનમાં મમતાભરી હૂંફ આપી રહ્યાં છે. વસુમતીબેન કહે છે કે અમારી ટ્રેનિંગ જ આ બાળકોનો આધાર છે, તેઓ કદાચ સંપૂર્ણ સાજા ના થઈ શકે પરંતુ તેમની બિમારી આગળ વધતી જરૂર અટકે છે. અને હું તો આ બાળકોને મારા પોતાના સંતાન સમજીને જ કામ કરું છું.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com

## કુડાસણમાં વધુ એક બંગ્લોઝની સ્કીમમાં ત્રાટકેલા ઘરફોડીયા

ગાંધીનગર, તા.૨૦

કુડાસણ ગામની સીમમાં વધુ એક બંગ્લોઝની સ્કીમમાં ઘરફોડ ચોરી થયાનો કિસ્સો પોલીસ ચોપડે નોંધાવા પામ્યો છે. વર્ગ-૧ અધિકારીના બંધ બંગલામાં ઘરફોડીયા મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તોડીને ત્રાટકયા હતા. બેડરૂમના કબાટ તોડીને અંદરથી સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ. ૧.૮૫ લાખની કિંમતના મુદ્દામાલની ઉઠાંતરી કરી ઘરફોડીયા ફરાર થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસે બંગલા માલિક અધિકારી જી.આર. અગ્રવાલની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે.

કુડાસણ ગામની સીમમાં સ્થિત ઉમિયા બંગ્લોઝમાં બંગલા નં. ૩૩ ખાતે રહેતા વર્ગ-૧ અધિકારી ગીરીષશંકર રવિશંકર અગ્રવાલ ૧૮ તારીખે ૧૧ વાગ્યે પોતાના બંગલાને તાળુ મારીને પરિવાર સાથે બહાર ગામ ગયા હતા. આજે બપોરે ૧૧ વાગ્યે તેઓ ઘરે પરત ફર્યા અને જોયું તો તેમના મકાનના મુખ્ય દરવાજાનું ઈન્ટલોક અને લાકડાની જાળીનું તાળુ તથા નકુચો તુટેલી હાલતમાં હતા. અંદર જઈને તપાસ કરી તો બેડરૂમમાં સામાન વેર વિખેર પડેલો હતો. તસ્કરો તેમના મકાનમાં ઘુસીને બેડરૂમના કબાટમાંથી રૂ. ૧.૫૫ લાખના સોનાચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૩૦ હજાર મળીને કુલ રૂ. ૧.૮૫ લાખનો મુદ્દામાલ ચોરી કરી રફફુચક્કર થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસને ઘટનાની જાણ કરતા ડોગ સ્કવોર્ડ અને ફિંગરપ્રિન્ટ નિષ્ણાંતની ટીમ સાથે પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી. ઈન્ફોસીટી પોલીસે બંગલા માલિક અધિકારીની ફરિયાદને આધારે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી પીએસઆઈ વી.આર. ચૌધરીએ વધુ તપાસ શરુ કરી છે.

## મેવાનો ૧૪મો ઈનામ વિતરણ સમારોહ યોજાયો

મેવા સંસ્થાનો ૧૪મો ઈનામ વિતરણ સમારોહ આજરોજ આંબેડકર ભવન સેકટર-૧૨ ખાતે સફળતાપૂર્વક યોજાયો હતો. આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ડો. જમાલ.એ.ખાન અઈ.એફ.એસ. પ્રિન્સીપલ ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ એન્ડ હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત સ્ટેટ, ગાંધીનગરે શોભાવ્યું હતું. જેમાં ધોરણ-૧૦, ૧૨ અને ઉચ્ચ અભ્યાસક્રમમાં સારા ગુણ મેળવ્યા હોય તેવા સમાજના કુલ-૩૭ વિદ્યાર્થી ભાઈ-બહેનોને ઈનામ આપી પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. જેમાં ૧૩ ભાઈઓ અને ૨૪ બહેનોએ ઈનામ પ્રાપ્ત કર્યા હતા. ગાંધીનગરની અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓના પદાધિકારીઓ તથા ગાંધીનગરના શહેરીજનો અને ન્યુ ગાંધીનગર ગુડા વિસ્તારના ભાઈ બહેનોએ મોટી સંખ્યામાં હાજર રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ચિરવિદાય

- સ્વ. પૂંજીબેન મંગાજી ઠાકોર, ઉ.વ.૬૦
- સ્વ. અમરતજી જશુજી ઠાકોર, ઉ.વ.૩૫
- સ્વ. અર્જુનભાઈ ગાંડાભાઈ પુરબીયા, ઉ.વ.૬૧
- સ્વ. ગંગાબેન નગીનભાઈ દંતાણી, ઉ.વ.૪૦
- સ્વ. ભરતભાઈ બાબુભાણી દંતાણી, ઉ.વ.૨૭